**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૭ ટકા

# દિવાળીની રજાઓ પછી પાટનગર પુનઃ ધબકતું થયું

## સમગ્ર ગત સપ્તાહ શહેરીજનોએ રજાઓ માણી : રવિવારે સાતમથી વેપાર ધંધા પુનઃ પ્રારંભ થયા : સોમવારથી સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરી વધી : માર્ગો પર ટ્રાફિકમાં ચહલપહલ જોવા મળી

ગાંધીનગર, તા.૪

દિવાળીની લાંબી રજાઓ બાદ આજે સોમવારથી પાટનગર ફરી એકવાર વિધિવત રીતે ધમધમતું થયું હતું. સામાન્ય રીતે દિવાળીની રજાઓ પછી વેપાર ધંધાના મુહુર્ત જે પહેલા લાભપાંચમે કરાતા હતા તેમાં પણ હવે સાતમે મુહુર્ત કરવાનો ટ્રેન્ડ હોવાના પગલે શહેરના બજારોમાં છેક રવિવારે થોડી ઘણી ચહલપહલ જણાઈ હતી પરંતુ રવિવારે પાટનગરની સરકારી કચેરીઓ બંધ હોવાથી રજાનો માહોલ યથાવત રહ્યો હતો. આજે શહેરની તમામ સરકારી કચેરીઓ અને ખાનગી વેપાર ધંધા પણ રાબેતા મુજબ શરૂ થઈ જતા વિધિવત રીતે શહેર પુનઃ જીવંત થવા પામ્યું હતું અને શહેરના માર્ગો પર ટ્રાફિક વધી જવા પામ્યો હતો. જો કે આજનો દિવસ એકમેકને નૂતનવર્ષની શુભેચ્છા પાઠવવામાં જ શહેરીજનોએ વિતાવ્યો હતો.

આ વર્ષે દિવાળીની રજાઓ સાથે સરદાર જયંતિ સુધી સળંગ રજા કર્મચારીઓને મળી રહે તે



હેતુથી રાજય સરકાર દ્વારા તા. ૩૦મી નવેમ્બરે પણ રજા જાહેર કરી દેવામાં આવી હતી આ કારણે ગત શનિવારથી બંધ થયેલી સરકારી કચેરીઓ છેક તા. ૧લી નવેમ્બરે શુક્રવારે પ્રારંભ થયો હતો પરંતુ અનેક કર્મચારીઓ દિવાળીના તહેવારોમાં પરિવાર સાથે બહારગામ ફરવા ગયા હતા જેમણે શુક્રવાર અને શનિવારની પણ રજા મુકી દીધી હોવાથી સરકારી કચેરીમાં પાંખી હાજરી જણાઈ હતી અને શહેરના બજારો બંધ હોવાથી તથા નાગરિકો પણ નૂતનવર્ષની ઉજવણીમાં વ્યસ્ત હોવાથી સરકારી કચેરીઓના કામકાજ આ બે દિવસ દરમિયાન સુસ્ત રહેવા પામ્યા હતા. બીજી તરફ શહેરના મોટા ભાગના વેપાર ધંધા હવે સાતમે ફરી શરૂ કરવાનો ટ્રેન્ડ છેલ્લા કેટલાક વર્ષોથી જોવા મળી રહ્યો છે. અને આ વર્ષે સાતમ રવિવારે હોવાથી વેપાર ધંધાના મુહુર્ત તો થઈ ગયા પરંતુ રજાનો માહોલ યથાવત જોવા મળ્યો હતો. છેલ્લા સમગ્ર સપ્તાહ દરમિયાન શહેરના ટ્રાફીકમાં ખૂબ ઓછી હલચલ જોવા મળી હતી. જો કે શહેરના પ્રવાસન સ્થળો જેવા કે અક્ષરધામ, દાંડી કુટિર, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સ્વર્ણિમ પાર્ક વગેરે સ્થળે મુલાકાતીઓ-પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો. આજે સોમવારથી તમામ વેપાર ધંધા, દુકાનો, શો રૂમ વગેરે સહિત સરકારી કાર્યાલયો સંપૂર્ણ કર્મચારી ક્ષમતા સાથે પ્રારંભ થઈ જતા શહેર પુનઃ જીવિત થઈ ઉઠયું હતું અને તે સાથે જ શહેરના માર્ગો પર વાહનોની સંખ્યામાં વધારા સાથે ટ્રાફિક સિગ્નલો પર લાંબી કતારો પણ જોવા મળી હતી.

# લસણે લીધુ કાજુનું સ્થાન

## શહેરમાં લસણ ૩૦૦ રૂપિયા, ડુંગળી ૮૦ અને ટામેટા ૬૦ રૂપિયે કિલો : લીલા શાકભાજી કિલોએ ૮૦ રૂપિયે વેચાણમાં







ગાંધીનગર, તા.૪

શહેરના વાતાવરણમાં ત્રણેય ઋતુનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે તેની અસર શહેરીજનને ભારે પડી રહી છે. સવાર-સાંજ ઠંડી બપોરે તડકો કે વરસાદ છેલ્લા ઘણા દિવસથી અનુભવાય છે ત્યારે રોગચાળો તો મોટી સમસ્યા છે જ. આ સાથે મોંઘવારી પણ સમસ્યા બની છે. શહેરમાં શાકભાજીના ભાવમાં વધારો થયો છે. લીલા શાકભાજી અને ડુંગળી સાથે હવે લસણના ભાવ પણ વધ્યા છે. સામાન્ય દિવસોમાં ૩૦ રૂપિયો કિલો મળતી ડુંગળી આજે ૮૦ થી ૧૦૦ રૂપિયે કિલોએ વેચાઈ રહી છે. આ સાથે લસણ લગભગ ૨૦૦ થી ૩૦૦ રૂપિયે કિલોએ વેચાય છે.

લીલા શાકભાજીના ભાવ પણ કિલોએ ૮૦ રૂપિયાથી ઓછા નથી. આ સાથે ગૃહિણીઓ દ્વારા સામાન્ય દિવસોમાં શાક બાદ મસાલામાં લેવાતી કોથમીરનો ભાવ આજે ૧૨૦ રૂપિયે કિલોએ પહોંચ્યો છે. સામાન્ય દિવસોમાં ૧૦ થી ૧૫ રૂપિયે કિલોએ મળતા બટાકાનો ભાવ પણ ૩૦ રૂપિયે કિલોએ પહોંચ્યો છે.

ગૃહિણીઓ જયાં દરેક શાક બનાવવામાં લસણનો ઉપયોગ કરતી હતી તે પણ તેઓએ ઓછો કરવા માંડયો છે. હોટલ અને રેસ્ટોરન્ટમાંથી ડુંગળી જાણે અદશ્ય થઈ ગઈ છે. કચુંબરમાં ફકત કોબીજ મરચા જ અપાઈ રહ્યા છે. લીંબુનો ભાવ કિલોએ રૂ. ૧૦૦ પર પહોંચી ગયો છે લીલા શાકભાજી મરચા અને કાકડી ૮૦ રૂપિયે કિલોએ પહોંચી ગયા છે. ગૃહિણીઓ ઘરમાં દરરોજ લીલા શાકભાજી બનાવતા-કઠોળ બનાવવાનો આગ્રહ રાખી રહી છે. હોટલ અને રેસ્ટોરન્ટમાં પણ ગુજરાતી ડીશમાં વધુ પ્રમાણમાં કઠોળ પીરસવામાં આવી રહ્યા છે.

અસહ્ય મોંઘવારીથી આમ આદમીનું બજેટ ખોરવાઈ ગયું છે. આ સાથે ગૃહિણીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# સિવિલની ઓપીડીમાં શરદી ઉધરસના દર્દીઓનો ધસારો

ગાંધીનગર, તા.૪

દિવાળીના સમય પછી ગાંધીનગર શહેરમાં શરદી-ઉધરસના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે. શહેરમાં અનુભવાતી બેવડી ૠતુને પગલે નાગરીકોના સ્વાસ્થય પર અસર પડી છે. શહેરની સિવિલની ઓપીડીમાં શરદી-ઉધરસના દર્દીઓ મોટા પ્રમાણમાં સારવાર માટે આવી રહ્યા છે. પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાને કાબુમાં કરવા માટે તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. ત્યારે સિવિલમાં શરદી-ઉધરસના દર્દીઓ ખાંસતા નજરે પડી રહ્યા છે.




ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ડેન્ગ્યુએ હાહાકાર મચાવ્યો છે. ડેન્ગ્યુની સાથે વાઈરલ ફીવર સહિત પાણીજન્ય રોગચાળાના દર્દીઓ પણ જોવા મળે છે. સિવિલના વોર્ડ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ૬૦૦ બેડની સિવિલમાં ૮૦૦ થી વધુ દર્દીઓએ સારવાર મેળવી છે. દર્દીઓ વધતા નવા વોર્ડ ઉભા કરાયા હતા. નગરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળે છે. મોડીરાત સુધી ડોકટરના ત્યાં દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે. ડેન્ગ્યુ, વાઈરલ ફીવર, ચિકનગુનીયા, શરદી-ઉધરસ,ઝાડા-ઉલ્ટી, કમળો, મેલેરીયા, ટાઈફોઈડ,સહિતના દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે દિવાળીના સમયે વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા નાગરીકોના આરોગ્ય પર ઉંડી અસર પડી છે. બેવડી સિઝનને પગલે નાગરીકોને શરદી ઉધરસ થઈ જવા પામી છે. શહેરના નાગરીકોને હાલ શરદી-ઉધરસના વાવડ હોય તેમ લાગી રહ્યું છે. સિવિલની ઓપીડીમાં પણ અત્યારના સમયે શરદી તેમજ ઉધરસ અને વાઈરલ ફીવરના દર્દીઓ જોવા મળી રહ્યા છે.




ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તંત્ર અને અધિકારીઓ રાત દિવસ કમરકસી રહ્યા છે. શહેરમાં તો નિયત સમયે ભીનો તેમજ સુકો કચરો લેવા માટે મનપાની ગાડી નિયમિત આવે છે. પરંતુ માર્ગની આસપાસ મુકવામાં આવેલી કચરા પેટી અને કચરાની ટોપલીમાં રહેલો કચરો લેવા માટે જાણે તંત્રના કર્મચારીઓ પાસે ટાઈમ નથી.. અથવા તો આ કચરા પેટી મુકીને ભુલી ગયા હોય તેમ આ ઉભરાતી કચરા પેટી પરથી લાગી રહ્યું છે. ત્યારે શહેરમાં આવી ઠેકઠેકાણે મુકેલી કચરા પેટી કયારે ખાલી થશે તેની રાહ જોઈને ઉભી છે.

## સિવિલ કેમ્પસમાં ગોગા મહારાજના ફોટાની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કીંગ પાસે ગોગા મહારાજના ફોટાની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ હતી. જેમાં દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. આ પ્રસંગે ભકતોએ ડીજેના તાલે ધુમ મચાવી હતી. તો બીજીતરફ ગોગા મહારાજના દર્શન કરી પ્રસાદી મેળવી ભકતોએ ધન્યતા અનુભવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા ભકતોએ ભારે જહેમત ઉઠાવી હતી.



# બરોડા ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહ અંતર્ગત રેલી યોજાઈ




ગાંધીનગર, તા.૪

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક ગાંધીનગર સેલ તથા આજુબાજુની શાખાઓના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તારીખ ૩૦-૧૦-૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે સાંજે ૫.૧૫ કલાકે સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૧૯ અંતર્ગત લોક જાગૃતિ માટે બરોડા ગુજરાત ગ્રામીણ બેંક, સે-૭ શાખાથી સે-૭ શાક માર્કેટ સુધી એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર રેલી દરમ્યાન બુલંદ અવાજે 'ભ્રષ્ટાચાર મુકત ભારત', 'હું લાંચ લઈશ નહિ, હું લાંચ આપીશ નહિ', 'ભ્રષ્ટાચાર મિટાઓ, નયા ભારત બનાઓ', 'ઈમાનદારી-એક જીવન શૈલી' જેવા અર્થસભર સૂત્રોચ્ચાર કરી તેમજ બેનર પ્રદર્શિત કરી ભ્રષ્ટાચાર નાબુદી અને ઈમાનદારી અંગે લોક જાગૃતિ માટે સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા.



પૂજય જલારામ બાપાની ૨૨૦મી જન્મજયંતિ નિમિત્તે જલારામ મંદિર સે-૨૯ ખાતે અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# વિદેશ મંત્રાલયમાં નોંધણી કરાવેલ હોય તેવા ભરતી એજન્ટોના માધ્યમથી જ વિદેશ જવું

ગાંધીનગર, તા. ૪

આપણા રાજયમાંથી વિદેશમાં રોજગારી અને અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓ અને રોજગારવચ્છુંઓ મોટી સંખ્યામાં જતા હોય છે. અને તેમાં પણ ગાંધીનગર જીલ્લાના વિદ્યાર્થીઓ અને રોજગારવચ્છુંઓ નોકરી અને અભ્યાસ અર્થે વિદેશ જતા હોય છે. આવા સમયમાં તેઓની સાથે છેતરપીંડી કરીને લેભાગુ એજન્ટો દ્વારા ઠગાઈ કરવાના કિસ્સા પણ વધી રહ્યા છે. આ બાબતે વિદેશ મંત્રાલય દ્વારા નોંધણી કરાવેલા એજન્ટોના માધ્યમોથી જ વિદેશ જવા માટેની ભલામણ કરી છે.

ભારત સરકારના વિદેશ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા વિદેશ રોજગાર માટે જવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને રોજગારવચ્છુંઓ આવા ઠગ – લેભાગુ એજન્ટોના ભોગ ના બને તે માટે વિદેશ રોજગાર માટેની સેવાઓ આપતી માહિતી મીનીસ્ટ્રી ઓફ એકસ્ટર્નલ અફેર્સ એન્ડ ઓવરસીઝ ઈન્ડિયા ન્યુ દિલ્હી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવી છે. વિદેશમાં કારકિર્દી ઘડવા તેમજ નોકરી મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ ફક્ત વિદેશ મંત્રાલય દ્વારા નોંધણી કરાવેલા ભરતી એજન્ટોના માધ્યમથી જ વિદેશ જવું જોઈએ. લેભાગુ કે ઠગ એજન્ટો દ્વારા ન જવું કે જેનાથી આપની છેતરામણી થવાની શક્યતા છે. વિદેશ જતા સમયે કોઈપણ વ્યક્તિ દ્વારા આપવામાં આવતું કોઈપણ પ્રકારનું પેકેટ લઈને જવું નહિ, જેથી આપ ફસાઈ ન જાઓ. જતા પહેલા જે કામ માટે જાવ છો તે માટેનું સંપૂર્ણ પ્રશિક્ષણ-તાલીમ મેળવીને જવું, વિદેશ જતાની સાથે જ ભારતીય દુતવાસનો સંપર્ક કરવા જેવી બાબતોને ધ્યાનમાં લેવી. વધુ માહિતી માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૧૩૦૯૦ ઉપર સંપર્ક કરવો. તથા માન્યતા ધરાવતી રજીસ્ટર્ડ સંસ્થાઓની યાદી વેબસાઈટ https://emigrate.gov.in/ext/raList.action પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તેવું જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર રોજગાર અધિકારી એ જણાવ્યું છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૯.૩૦, ૧૨.૪૦, ૩.૫૦, ૪.૨૦, ૭.૦૦, ૧૦.૧૦

**ઉડજા ચમન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૦, ૧૦.૨૦

**સાંઢ કી આંખ**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૨૦

**મેડ ઈન ચાઈના** -૧.૧૦

**વોર-** ૭.૧૦

## જન્મદિને વધામણી



પ્રકાશ એચ શાહ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૭૮૪ ૦૬૫૩૪



ગીતાબેન મુકેશ વેદ



ઉન્નતિ
ઉમાકાંતભાઈ ભીલ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮

## આજે ગાંધીનગરમાં

● જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવ અંતર્ગત આજે સવારે ૭.૩૦ વાગ્યે શકિતચોકથી જલકળશ યાત્રા પ્રસ્થાન, ૨.૩૦ વાગ્યે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો તથા રાત્રે ૮.૩૦ વાગ્યે અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડ પાઠ સે-૧૩-બી શકિત ચોક ખાતે યોજાશે.

● લોહાણા યુવા સંગઠન દ્વારા ગાંધીનગરથી વીરપુર ૨૩મી પદયાત્રાનો આજથી પ્રારંભ સવારે ૫.૩૦ કલાકે જલારામ મંદિર સે-૨૯ ખાતેથી થશે.

## ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૪

ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા નૂતનવર્ષ નિમિત્તે તા. ૭ નવેમ્બરના રોજ સાંજે ૬.૩૦ કલાકે સરકારી ઉપહાર ગૃહ જુના સચિવાલય ગાંધીનગર ખાતે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ ભરત મોડિયા દ્વારા સમાજના સર્વે ભાઈઓ બહેનો તથા વડીલ આગેવાનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર શકરાજી રાણાજી, ઉ.વ. ૬૮
● સ્વ. ઠાકોર સંજયભાઈ ભગાજી, ઉ.વ. ૨૩